**Paper Code – 3906**

**M.A. Sem – 3 GUJARATI (Old Course)**

**Mar-Jun - 2021**

**EC-304 – સાહિત્યસ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ : પદ્ય ( સૉનેટ ) (Theory)**

કુલ સમય :– ૬૦ મીનીટ	કુલ પ્રશ્નો : ૫૦	વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

૧. ગુજરાતીસાહિત્યમાં પ્રથમ સૉનેટ લખવાનું માન કયા કવિને ફાળે જાય છે?
(A) બ.ક. ઠાકોર (B) કાન્ત (C) ન્હાનાલાલ (D) સુન્દરમ્

૨. સૉનેટસ્વરૂપમાં કેટલી પંક્તિસંખ્યા અનિવાર્ય ગણાવવામાં આવી છે?
(A) ૧૨ (B) ૧૪ (C) ૧૬ (D) ૧૮

૩. "રહ્યાં વર્ષો તેમાં" સૉનેટ કયા કવિનું છે?
(A) કાન્ત (B) ઉમાશંકર જોશી (C) ન્હાનાલાલ (D) રાજેન્દ્ર શાહ

૪. "ઉપહાર" સૉનેટ કયા પ્રકારનું સૉનેટ છે?
(A) પેટ્રાર્કશાઈ સૉનેટ (B) મિલ્ટનશાઈ સૉનેટ (C) શેક્સપિયરન સૉનેટ (D) સ્વતંત્ર સૉનેટ

૫. "છેલ્લું દર્શન" સૉનેટ કયા છંદમાં રચાયેલું છે ?
(A) મંદાક્રાન્તા (B) શિખરિણી (C) હરિણી (D) પૃથ્વી

૬. સૉનેટના પર્યાય રૂપે ગુજરાતીમાં 'ચતુર્દશી' શબ્દ કયા કવિએ પ્રયોજ્યો હતો?
(A) ઉમાશંકર જોશી (B) બ.ક. ઠાકોર (C) રા.વિ.પાઠક (D) પતીલ

૭. "તારી થાળે" નામનું સૉનેટ કયા કવિનું છે?
(A) જયંત પાઠક (B) ઉશનસ્ (C) સુંદરમ (D) ઉમાશંકર જોશી

૮ ."આધુનિક અરણ્ય"માંની છેલ્લી પંક્તિ "પુરંદર સ્વયં અહીં નહિ શું હોય ભૂલો પડ્યો?"માં આવતો 'પુરંદર' શબ્દનો અર્થ શો થાય છે?
(A) રાક્ષસ (B) રાવણ (C) રાજા (D) ઇન્દ્ર

૯. "ગમે તો સ્વીકારે ગત સમય કેરા સ્મરણમાં" - એ પંક્તિ કયા સૉનેટની છે?
(A) ઉપહાર (B) છેલ્લું દર્શન (C) વિદાય (D) ઘરભણી

૧૦. "પ્રસૂતિગૃહ - જતાં , આવતાં" સૉનેટ કયા કવિનું છે?
(A) નિરંજન ભગત (B ) રાવજી પટેલ (C) મણિલાલ દેસાઈ (D) હેમંત દેસાઈ

૧૧. 'સુક્રિત' ઉપનામ કયા કવિનું છે?
(A) પ્રહલાદ પારેખ (B) માધવ રામાનુજ (C) રામચંદ્ર પટેલ (D) ભાનુપ્રસાદ પંડ્યા

૧૨. નીચેનામાંથી કયું સૉનેટ રાવજી પટેલનું છે?
(A) પરોઢે તાપણી પાસે બેઠેલ વૃદ્ધની સ્વગતોક્તિ (B) ઊપડી ડમણી (C) ન હવે (D) બાને-

૧૩. નીચેનામાંથી કયું સૉનેટ કૃષ્ણલાલ શ્રીધરાણીનું છે?
(A) ભરતી (B) ન હવે (C) વિદાય (D) વળાવી બા આવી

૧૪. નીચેનામાંનું કયું સૉનેટ રાજેન્દ્ર શાહનું છે?
(A) બાને- (B) રહ્યાં વર્ષો તેમાં (C) ઘરભણી (D) વિદાય

૧૫. "વળાવી બા આવી" સૉનેટ કયા છંદમાં રચાયેલું છે?
(A) શાર્દૂલવિક્રીડિત (B) પૃથ્વી (C) મંદાક્રાન્તા (D) શિખરિણી

૧૬. "પ્રસૂતિગૃહ જતાં, આવતાં" કયા પ્રકારનું સૉનેટ છે?
(A) પેટ્રાર્કશાઈ સૉનેટ (B) શેક્સપિરિયન સૉનેટ (C) મિલ્ટનશાઈ સૉનેટ (D) સ્વતંત્ર સૉનેટ

૧૭. ગુજરાતીસાહિત્યની પ્રથમ સૉનેટરચના કઈ છે?
(A) ઉપહાર (B) છેલ્લું દર્શન (C) ભણકારા (D) તારી થાળે

૧૮. "તમે આવ્યાં કને" - એ કયા કવિની સૉનેટરચના છે?
(A) સુક્રિત (B) માધવ રામાનુજ (C) ભાનુપ્રસાદ પંડ્યા (D) જયંત પાઠક

૧૯. કવિ ખબરદારે સૉનેટ શબ્દના પર્યાય રૂપે કયો શબ્દ પ્રયોજ્યો છે?
(A) ચતુર્દશી (B) સ્વનિત (C) સુનીતા (D) ધ્વનિત

૨૦. "છેલ્લું દર્શન"માં કયો ભાવની નિરુપાયો છે?
(A) શોક (B) હાસ (C) રતિ (D) રૌદ્ર

૨૧. "ઊપડી ડમણી"માં કયા પ્રસંગનું આલેખન છે ?
(A) લગ્ન (B) મૃત્યુ (C) પ્રેમ (D) દામ્પત્ય

૨૨. "ન હવે" સૉનેટના રચયિતા કોણ છે?
(A) રાવજી પટેલ (B) મણિલાલ દેસાઈ (C) રાજેન્દ્ર શાહ (D) સુક્રિત

૨૩. બ.ક.ઠાકોર કયા યુગના સૉનેટકાર છે?
(A) આધુનિક યુગ (B) ગાંધીયુગ (C) પંડિતયુગ (D) સુધારકયુગ

૨૪. નીચેનામાંથી કયા સૉનેટકાર ગાંધીયુગના નથી?
(A) ઉમાશંકર જોશી (B) સુંદરમ્ (C) જયંત પાઠક (D) મનસુખલાલ ઝવેરી

૨૫. " કેવે સમે સૂરજ પૂર્વ વિશે પ્રકાશ્યો " - આ પંક્તિમાં કયો છંદ છે?
(A) હરિણી (B) શિખરિણી (C) પૃથ્વી (D) વસંતતિલકા

૨૬. સૉનેટ કાવ્યસ્વરૂપ એ મૂળ કયા દેશની નીપજ છે?
(A) ફ્રાંસ (B) ઇટાલી (C) ઇંગ્લેન્ડ (D) જર્મની

૨૭. " મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું " - આ સૉનેટપંક્તિમાં આવતો 'અવનિ' શબ્દનો અર્થ શો થાય?
(A) સ્વર્ગ (B) પૃથ્વી (C) સમુદ્ર (D) ચંદ્ર

૨૮. નીચેનામાંથી કયા સૉનેટકાર ગાંધીયુગના છે?
(A) કૃષ્ણલાલ શ્રીધરાણી (B) નિરંજન ભગત (C) રાવજી પટેલ (D) માધવ રામાનુજ
૨૯. નીચેનામાંથી કયું સૉનેટ ઉશનસનું છે ?
(A) વિદાય (B) આધુનિક અરણ્ય (C) ઘરભણી (D) વળાવી બા આવી
૩૦. " જશે વર્ષો મારાં ; ન ફરફરતાં પાંદ બનશે " - આ પંક્તિ કયા સૉનેટની છે?
(A) ન હવે (B) ઉપહાર (C) છેલ્લું દર્શન (D) રહ્યાં વર્ષો તેમાં
૩૧. નીચેનામાંથી કયું સૉનેટ પ્રકૃતિની સૌન્દર્યાનુભૂતિનું દર્શન કરાવે છે?
(A) છેલ્લું દર્શન (B) ઘરભણી (C) વિદાય (D) ભણકારા
૩૨. નીચેનામાંથી કયું સૉનેટ માતાની મધુર સ્મૃતિઓને આલેખે છે?
(A) બાને- (B) પ્રસૂતિગૃહ - જતાં ,આવતાં (C) ન હવે (D) વળાવી બા આવી
૩૩. 'બચબચ્યું', 'કાન વાગ્યા', 'ઉતાવળી ગરગડી' , ' સણકોરવાયેલો ' જેવા શબ્દપ્રયોગો કયા સૉનેટમાં પ્રયોજાયા છે?
(A) આધુનિક અરણ્ય (B) રહ્યાં વર્ષો તેમાં (C) ઊપડી ડમણી (D) પરોઢે - તાપણી પાસે બેઠેલ વૃદ્ધની સ્વગતોક્તિ
૩૪. 'ચાંદ ઠરશે' અને 'પાંદ બનશે' જેવા પ્રાસ કયા સૉનેટમાં જોવા મળે છે?
(A) ભરતી (B) ન હવે (C) તારી થાળે (D) ઉપહાર
૩૫. "તુલસીપર્ણ" એ કયા કવિનું સૉનેટ છે?
(A) જગદીશ જોશી (B) જિતેન્દ્ર કા. વ્યાસ (C) ભગવતીકુમાર શર્મા (D) સુંદરમ્
૩૬. "ઓ સીમમાં સકલ ભાંભરતી ગમાણો ચાલી ગઈ" - આ પંક્તિમાં કયો અલંકાર છે?
(A) ઉત્પ્રેક્ષા (B) અનન્વય (C) સજીવારોપણ (D) શ્લેષ
૩૭. "ઘરભણી" સૉનેટનું પંક્તિવિભાજન કઈ શૈલીએ થયું છે?
(A) શેક્સપિયરન (B) પેટ્રાર્ક (C) મિલ્ટન (D) સ્વતંત્ર
૩૮. ત્રણ ચતુષ્ક અને એક યુગ્મમાં વહેંચાયેલું સૉનેટ કયા પ્રકારનું સૉનેટ બને છે?
(A) શેક્સપિયરન (B) પેટ્રાર્ક (C) મિલ્ટન (D) સ્વતંત્ર
૩૯. "આયુષ્યના અવશેષે" નામની સૉનેટરચના કયા કવિએ રચેલી છે?
(A) જયંત પાઠક (B) સુક્તિ (C) રાજેન્દ્ર શાહ (D) નિરંજન ભગત
૪૦. નીચેનામાંથી કયું કાવ્યસ્વરૂપ રચનાની દૃષ્ટિએ સૌથી નાનું ફલક ધરાવે છે?
(A) સૉનેટ (B) ગઝલ (C) ખંડકાવ્ય (D) હાઈકુ
૪૧. ગુજરાતીમાં ખંડકાવ્યના સ્વરૂપને કયા કવિએ પોતીકી રીતે જન્માવ્યું અને વિકસાવ્યું છે?
(A) બ.ક.ઠાકોર (B) કાન્ત (C) નાન્હાલાલ (D) બાલમુકુંદ દવે
૪૨. નીચેનામાંથી કયું કાવ્યસ્વરૂપ 'કડવું'માં વહેંચાયેલું હોય છે?
(A) ખંડકાવ્ય (B) ગઝલ (C) પ્રબંધ (D) આખ્યાન
૪૩. "ન હવે" સૉનેટની રચનાશૈલી કયા પ્રકારની છે?
(A) શેક્સપિયરન (B) પેટ્રાર્કશાઈ (C) મિલ્ટનશાઈ (D) સ્વતંત્ર
૪૪. નીચેનામાંથી કયું સૉનેટ પૃથ્વી છંદમાં લખાયેલું છે?
(A) ભણકારા (B)આધુનિક અરણ્ય (C) ઉપહાર (D) તારી થાળે
૪૫. પ્રહ્લાદ પારેખનું "વિદાય" સૉનેટ કયા છંદમાં રચાયેલું છે?
(A) શિખરિણી (B) પૃથ્વી (C) મંદાક્રાન્તા (D) વસંતતિલકા
૪૬. નીચેનામાંથી કયું સૉનેટ શેક્સપિયરન સૉનેટની રચનાશૈલીમાં લખાયેલું નથી?
(A) ઊપડી ડમણી (B) બાને- (C) વિદાય (D) ભરતી
૪૭. "પરોઢે - તાપણી પાસે બેઠેલ વૃદ્ધની સ્વાગતોક્તિ" એ કઈ રચનાશૈલીમાં રચાયેલું સોનેટ છે?
(A) પેટ્રાર્કશાઈ (B) શેક્સપિયરન (C) મિલ્ટનશાઈ (D) સ્વતંત્ર
૪૮. નીચેનામાંથી કયા સૉનેટકાર અનુગાંધીયુગના છે?
(A) સુંદરમ્ (B) મનસુખલાલ ઝવેરી (C) રામપ્રસાદ શુક્લ (D) ઉશનસ્
૪૯. 'રદીફ', 'કાફિયા' એ કયા કાવ્યસ્વરૂપ સાથે સંકળાયેલા જોવા મળે છે?
(A) ગીત (B) સૉનેટ (C) ગઝલ (D) મુક્તક
૫૦. નીચેનામાંથી કયું સૉનેટ જિતેન્દ્ર કા. વ્યાસનું છે?
(A) ન હવે (B) હે શબ્દ ! (C) બીજી ખેપે (D) ભરતી